


MOHJITVIJAYJI M. S.
(MOTA PANDIT M.S.)

# MOHJIT SAMUDAY




YUGBHUSHANSURI M. S.
(PANDIT M.S.)

Ref.: M/202301G- 01
વિ. સં. ૨૦૭૯, મહા સુદ બીજ
તા. ૨૩/૦૧/૨૦૨૩, સોમવાર
વેસુ, સુરત

## મુનિ શ્રી કૈવલ્યજિતવિજયજીના ગણિપદ પ્રસંગની પત્રિકા અંગે

## સ્પષ્ટીકરણ

મુનિ શ્રી કૈવલ્યજિતવિજયજીના ગણિપદ પ્રસંગની આમંત્રણ પત્રિકા હમણાં અમારા જોવામાં આવી. આમ તો, ગુરુદેવે તેઓની સાથે માંડલી વ્યવહાર બંધ કરેલ હોવાથી તેમાં અમારે કાંઈ કહેવાનું હોય નહીં, પરંતુ પત્રિકામાં મૂકાયેલી અમુક માહિતીઓ વાંચતાવેંત જ તદ્દન અનુચિત રીતે લખેલી જણાઈ. તેના કારણે લોકોમાં ઘણો ભ્રમ ફેલાવાની શક્યતા દેખાવાથી પૂજ્ય ગચ્છાધિપતિ ગુરુદેવશ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા) ને આ બાબતે ખુલાસો પૂછવામાં આવ્યો. તેઓએ પણ સાચી માહિતીઓથી અમોને માહિતગાર કર્યા. તેના આધારે નીચે મુજબનો ખુલાસો પ્રસિદ્ધ કરીએ છીએ. જેનો ઉદ્દેશ્ય, લોકો ભ્રમિત થતાં અટકે તેટલો જ છે.

ઉપરોક્ત પત્રિકામાં <u>આનંદમાં અધિકાઇ</u> એવા મથાળા હેઠળ, પૂજ્ય ગચ્છાધિપતિ ગુરુદેવશ્રી પંડિત મહારાજાના ગણિપદ પ્રદાન સાથે મુનિશ્રી કૈવલ્યજિતવિજયજીના ગણિપદ પ્રદાનની બેહૂદી સરખામણી કરવાનો પ્રયત્ન કર્યો હોય, તેવું દેખાય છે.

હકીકતમાં, મુનિરાજ શ્રીયુગભૂષણવિજયજી મહારાજા (વર્તમાનમાં ગચ્છાધિપતિશ્રી)ના તત્કાલીન યોગોદ્વહન બાબતે તેઓશ્રીના ગુરુદેવ પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજાની સંમતિ લેવામાં આવી હતી તથા તેઓએ સ્વમુખે આપી પણ હતી. તેઓશ્રીના સ્વર્ગવાસ બાદ મુનિરાજશ્રીએ પોતાનાં આજ્ઞાદાતા તથા ગુરુતુલ્ય - આદ્યગચ્છસ્થાપક મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજાની આજ્ઞાપૂર્વક જ ગણિપદ સુધીના દરેક યોગોદ્વહનની આરાધના કરી હતી.

જ્યારે, મુનિ શ્રી કૈવલ્યજિતવિજયજીના ગણિપદ સંબંધી જોગની સંમતિ તો જવા દો, જાણકારી સુદ્ધાં પણ તેમના ગુરુદેવશ્રી પંડિત મહારાજાને આપવામાં આવી નથી. એવો માન્ય વ્યવહાર છે કે, મહાત્માના ગુરુદેવ હયાત હોય, તો જોગ - પદપ્રદાન આદિ પૂર્વે તેમના ગુરુદેવને પૂછાવવું તો જોઈએ. પરંતુ તે વ્યવહાર અહીં જરાય જાળવવામાં ન આવ્યો.

બીજી બાજુ, ઉપરોક્ત પત્રિકામાં દિવ્યાશિષ દાતા રૂપે જેમનો ઉલ્લેખ કરાયો છે, તે મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબે બહુ મક્કમતાપૂર્વક પોતાનાં દાદાગુરુદેવશ્રી પ્રેમસૂરિ મહારાજાના પટ્ટક પ્રમાણે આરાધના કરવાનો આગ્રહ, પોતાના માટે તથા સમુદાય માટે રાખ્યો હતો. તેથી જ જ્યારે વર્તમાન ગચ્છાધિપતિશ્રી પંડિત મહારાજાની ગણિપદવી માટે તિથિની આરાધના બદલવાનો ભગવતી સૂત્રના ચાલુ યોગોદ્વહનમાં આકસ્મિક આગ્રહ કરાયો, ત્યારે મોહજિતવિજયજી મહારાજે વર્ષોથી જાળવેલી તિથિની સામાચારીરૂપ પરંપરા બદલવાની હરગીજ તૈયારી બતાવી નહીં અને આકસ્મિક શરત લઈને આવેલા આગેવાન શ્રાવકોને કોઈની પણ શેહ-શરમમાં તણાયા વિના મક્કમતાથી જણાવી દીધેલું કે, યુગભૂષણની



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in




**MOHJITVIJAYJI M. S.**
(MOTA PANDIT M.S.)

# MOHJIT SAMUDAY




**YUGBHUSHANSURI M. S.**
(PANDIT M.S.)

ગણિપદવી નહીં થાય તો ચાલશે, પરંતુ અમારી પટ્ટક મુજબની આરાધનામાં જોગ કરાવવાના નામથી જરાપણ બાંધછોડ થશે નહીં, તે લખી રાખજો.

સામેથી ઘણું દબાણ આવવા છતાં પણ તે મહાપુરુષ પૂરા મક્કમ રહ્યાં. સાથે સાથે વર્તમાન ગચ્છાધિપતિશ્રી પણ તેમના ભગવતીસૂત્રના જોગ અને ગણિપદવી હોડમાં મૂકાવાં છતાં ગુરુતુલ્ય વડીલગુરુબંધુની આજ્ઞાનુસાર પૂરી સ્વસ્થતાપૂર્વક મક્કમ રહ્યાં અને મક્કમતા સાથે જ તેઓએ વડીલ આચાર્ય ભગવંતના હસ્તે ગણિપદ ગ્રહણ કર્યું.

પરંતુ અત્યંત ખેદની વાત છે કે, મુનિશ્રી કૈવલ્યજિતવિજયજીએ સંપાદિત કરેલાં તેમનાં ગુરુદેવશ્રીનાં પુસ્તકોમાંનું અત્યંત મહત્ત્વપૂર્ણ પુસ્તક 'મધ્યસ્થભાવ', જેનો ઉલ્લેખ પત્રિકામાં જાણે કે ઈરાદાપૂર્વક ટાળ્યો હોય તેવું દેખાય, તે પુસ્તકની પ્રસ્તાવનામાં મુનિશ્રીએ બઢી-ચઢીને જે મહાપુરુષના સમુદાયનું ગૌરવ દર્શાવ્યું છે, તે મહાપુરુષના સમુદાયની એટલે કે મોહજિત સમુદાયની મુખ્ય મર્યાદાનો માત્ર પદવીની અપેક્ષાને કારણે જાહેરમાં ભંગ કર્યો છે. મોહજિતવિજયજી મહારાજાએ પ્રેમસૂરિદાદાના પટ્ટક મુજબ આરાધના કરવાની જે મર્યાદા બાંધી હતી, તેની સાથે વિરોધ થાય તે રીતે, પદવીની અપેક્ષાથી પલટાઇ જઇને બે તિથિ પક્ષની સામાચારી મુજબ મુનિશ્રીએ જાહેરમાં પ્રતિક્રમણ આદિ આરાધના કરી છે તથા તેવું કરવાની બાંહેધરી લેખિતમાં આપી હોવાના પણ પાક્કા સમાચાર મળ્યા છે.

તે છતાં પંડિત મહારાજાની ગણિપદવી સાથે મુનિશ્રીનાં ગણિપદ પ્રદાનને સરખાવવાનો બેહૂદો પ્રયત્ન આમંત્રણ પત્રિકામાં કરાયો છે, જે સાવ અનુચિત છે. ક્યાં તેમના ગુરુદેવની ભારે દબાણ વચ્ચે પણ - પદવી પ્રત્યે નિઃસ્પૃહ રહીને પટ્ટક મર્યાદા અંગેની મક્કમતા અને ક્યાં મુનિશ્રીનો પદવીની અપેક્ષાને કારણે તે અમૂલ્ય મર્યાદાનો જાહેરમાં ભંગ અને તેવું કરવાનો લેખિત સ્વીકાર? આમાં સરખામણી કરવા જેવું છે ખરું?

ચાલો, એકવાર આ પરિસ્થિતિને તેમની નબળાઇ માની લઈએ, પરંતુ પોતાની નબળાઇને ઢાંકવા આભ ઉંચા ગુરુદેવને પોતાની પંગતનાં તો ન ગણાવી દેવાય ને? તેમાં પણ હજુ આઘાતજનક વાત એ છે કે, જાહેરમાં આવી બેહૂદી સરખામણી કરીને, ગુરુદેવનું અવમૂલ્યન કરીને 'આનંદમાં અધિકાઈ' તેવું મથાળું લખાવ્યું છે, જે ખરેખર શરમજનક છે. આવા મહાપુરુષોનું અવમૂલ્યન કરીને જેમને આનંદમાં અધિકાઇ થતી હોય, તેમની ભાવદયા જ ચિંતવવાની રહે. આવી સાવ અયોગ્ય સરખામણીને અમે કડક શબ્દોમાં વખોડી કાઢીએ છીએ.

વગર કારણે આવી અનુચિત સરખામણી કરીને નવા વિવાદો ઉભા કરવાની પ્રવૃત્તિ ઘણી દુ:ખદ છે. લોકો ભ્રમિત ન થાય અને વિકૃત રજૂઆત આગળ ન વધે તે હેતુથી અમારે ખુલાસો કરવો પડ્યો છે.

સહુ આવા પ્રચારથી સાવધાન રહે! સહુને સદ્બુદ્ધિ મળે!

**(આ. વિજયકલ્પભૂષણસૂરિ)**



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**